# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦-એ, "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

ફોન નં- (૦૭૯) ૨૩૨ ૫૮૯૮૦ Web Site : https://gpsc.gujarat.gov.in


## ❖અગત્યની જાહેરાત❖

## સહાયક મોટર વાહન નિરિક્ષક વર્ગ-૩ (જા.ક્ર.૧૨૯/૨૦૧૯-૨૦ ની પરીક્ષાના ઉમેદવારો માટે

સહાયક મોટર વાહન નિરિક્ષક વર્ગ-૩ (જા.ક્ર.૧૨૯/૨૦૧૯-૨૦ ની જગ્યાઓ પર ભરતી કરવા માટે આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક:- ૧૨૯/૨૦૧૯-૨૦ માટે તા.૨૫/૦૭/૨૦૨૧ના રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીનું પરિણામ તા.૨૦/૧૦/૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ કસોટીમાં સફળ થયેલ તમામ ઉમેદવારોએ **જરૂરી દસ્તાવેજો (તા.૧૫/૧૧/૨૦૨૧ ના રોજ ૨૩:૫૯ કલાક સુધીમાં) અપલોડ કરવાના રહેશે.** ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકો તથા પ્રમાણપત્રો ઉકત જગ્યાઓના ભરતી નિયમો, ભરતી (પરીક્ષા) નિયમો તથા જાહેરાતની જોગવાઈ મુજબના લાયકી ધોરણની ચકાસણી કર્યા બાદ ઉમેદવારોને તબીબી પરીક્ષણ માટે પાત્ર કારવામાં આવશે. પાત્રતા અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઇપણ પત્રવ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

### : પરીક્ષાના ઉમેદવારોએ નીચે દર્શાવેલ અગત્યની સૂચનાઓ ધ્યાને લેવી :

૧ **ડોક્યુમેન્ટ અપલોડ કરવાની રીત :** ૧. documents online upload માટે https://gpsc-iass.gujarat.gov.in વેબસાઇટ પર જવાનું રહેશે.. ત્યારબાદ select job માં તમારી જાહેરાત પસંદ કરી કન્ફર્મેશન નંબર અને date of birth insert કરવાના રહેશે અને ok બટન પર ક્લીક કરવાનું રહેશે.. ok કર્યેથી ઉમેદવારના મોબાઇલ નંબર પર https://gpsc-iass.gujarat.gov.in પર ડોક્યુમેન્ટ અપલોડ કરવાનો મેસેજ આવશે. ૨). upload documents online tab દેખાશે. Upload documents online પર ક્લીક કરીને પોતાના ડોક્યુમેન્ટ અચૂક અપલોડ કરવાના રહેશે. 3) ડોક્યુમેન્ટ અપલોડ કરવાની વિગતવાર સૂચનાઓ https://gpsc-iass.gujarat.gov.in પોર્ટલના home page પર મુદ્દા નંબર ૬ પર click here to view guidelines for uploading application scrutiny documents શિર્ષક હેઠળ દર્શાવેલ છે. જે ઉમેદવારોએ ડોક્યુમેન્ટ્સ અપલોડ કરતા પહેલા ખાસ જોઇ લેવાની રહેશે.

૨. ઉપરોક્ત પેરા-૨ ની સૂચનાઓ અનુસાર **તા. ૧૫/૧૧/૨૦૨૧, ૨૩.૫૯ કલાક સુધીમાં દસ્તાવેજો** https://gpsc-iass.gujarat.gov.in **પર અપલોડ કરવાના રેહશે.**

### અપલોડ કરવાનાં પ્રમાણપત્રોની યાદી :

(૧) જન્મ તારીખના પુરાવા માટે SSCE નું પ્રમાણપત્ર (ધોરણ ૧૦ ની માર્કશીટ અથવા ક્રેડીટ સર્ટીફીકેટ બેમાંથી એક કે જેમાં જન્મ-તારીખ દર્શાવેલ હોય તે જ અપલોડ કરવાનુ રહેશે .જન્મતારીખનો દાખલો કે શાળા છોડયાનું પ્રમાણપત્ર ઉંમરના પુરાવા માટે માન્ય ગણાશે નહીં)

(૨) સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિનું પ્રમાણપત્ર અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (અનુ. જાતિ, અનુ.જનજાતિ, અને સા. અને શૈ. પ. વર્ગના ઉમેદવારો માટે)

(૩) સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવક્રમાંક સશપ-૧૧૦૯-૧૬૬૩-અથી નિયત થયેલ પરિશિષ્ટ–૪ (ગુજરાતીમાં) મુજબનું તારીખ: ૦૧/૦૪/૨૦૧૭ ના રોજ કે ત્યારબાદ ઇસ્યુ થયેલ અને તા ૧૦-૦૧-૨૦૨૦ સુધી નુ જ (પ્રાથમિક કસોટીના અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું) 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર'. પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં

(૪) આર્થિક રીતે નબળા વર્ગો(EWS)ના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક :એ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ (પ્રાથમિક કસોટીના અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું) નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ – ગ )માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર.

(૫) સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮-૧૧-૮૯ ના પરિપત્ર ક્રમાંક: એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨ થી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ " ના વાંધા પ્રમાણપત્ર"

(૬) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુક.

(૭) અટક અથવા નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્ર.

(૮) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામું.

(૯) સ્નાતકનાં ગુણપત્રક (છેલ્લું વર્ષ/ છેલ્લા ૨ સેમેસ્ટરના ગુણપત્રક. એક કરતા વધુ marksheets હોય તો તમામને સ્કેન કરી મર્જ કરી સિંગલ pdf બનાવવી અને તે pdf અપલોડ કરવી.)

(૧૦) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(૧૧) વિદેશની યુનિવર્સિટીમાંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવો. (other certificate module માં અપલોડ કરવું)

(૧૨) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સા. વ. વિ.ના તા: ૦૧.૧૨.૨૦૦૮ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર

(૧૩) સામાન્ય વહિવટ વિભાગના તા: ૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક સીઆરઆર-૧૦૭૭-૨૬૬૦-ગ-૨થી નિયત થયેલ સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ રમતગમતનું પ્રમાણપત્ર.

(૧૬) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. (other certificate module માં અપલોડ કરવું)

**નોંધ:- જો પ્રમાણપત્રો અપલોડ કરવાના સંબંધિત module માં એક કરતા વધારે પ્રમાણપત્રો અપલોડ કરવાનાં થતા હોય તો તમામને સ્કેન કરી merge કરી એક (સિંગલ) pdf બનાવવી અને તે module માં અપલોડ કરવી.**

**ખાસ સૂચના :- અરજી સાથે ઉપર દર્શાવેલ પ્રમાણપત્રો પૈકી લાગુ પડતા હોય તેવા જ પ્રમાણપત્રો / પુરાવા PDF,JPEG,JPG કે PNG ફોર્મેટમાં અપલોડ કરવાના રહેશે અને અચૂકપણે તેનો ક્રમ જાળવવાનો રહેશે. લાગૂ પડતા ન હોય તેવા પ્રમાણપત્રો / પુરાવા સામેલ કરવાના રહેશે નહીં. ઉમેદવારે અસલ (Original) પ્રમાણપત્રો જ સ્કેન કરી અપલોડ કરવાના રહેશે. જો કોઇ કારણસર અસલ ઉપલબ્ધ ન હોય તો અસલની જગ્યાએ ઝેરોક્ષ/નકલ હશે તો ઉમેદવારે સ્વયં પ્રમાણિત (Self-attested) કરીને અપલોડ કરવાના રહેશે. ઉમેદવાર દ્વારા મોકલવામાં Physical/offline અરજીપત્રક અને પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે નહીં.**

| પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ, સમય અને વેબસાઇટ |
|---|
| તા.૧૫/૧૧/૨૦૨૧ રાત્રે ૨૩:૫૯ કલાક સુધી<br>https://gpsc-iass.gujarat.gov.in |

નોંધ : જરૂરી પ્રમાણપત્રોના નમૂના આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ના Download સેક્શનમાં (https://gpsc.gujarat.gov.in/Download) જોવા વિનંતી.

તા.૨૫/૧૦/૨૦૨૧